75 આઝાદી કા અમૃત મહોત્સવ | ગુજરાત સરકાર



“ શાળા પ્રવેશોત્સવના અવસરે જે નાના નાના ભૂલકાંઓ પોતાના ઘરનું પગથિયું ઓળંગીને શાળાના પગથિયાંમાં પ્રવેશ કરે છે ત્યારે એ પોતાની સમાજયાત્રાની શરૂઆત કરે છે. ” - શ્રી નરેન્દ્ર મોદી, માનનીય પ્રધાનમંત્રી

**શાળા પ્રવેશોત્સવ**

23-24-25 જૂન, 2022

# ગુજરાતનું શિક્ષણ શ્રેષ્ઠથી સર્વશ્રેષ્ઠ તરફ

## છેલ્લા બે દાયકાની સિદ્ધિઓ

**1,37,000** થી વધુ ક્લાસરૂમ નવા બન્યા

નવા ક્લાસરૂમ બનવાથી વિદ્યાર્થી પ્રતિ ક્લાસરૂમનું પ્રમાણ **40** થી સુધરીને **26**

## મિશન સ્કૂલ્સ ઑફ એક્સલન્સ

આગામી 5 વર્ષમાં રાજ્યની તમામ 40,000 સરકારી શાળાઓનું મજબૂતીકરણ થશે, જે પૈકી 20,000 શાળાઓને સ્કૂલ્સ ઑફ એક્સેલન્સમાં રૂપાંતરિત કરવામાં આવશે

- **50,000** નવા ક્લાસરૂમ
- **1,50,000** સ્માર્ટ ક્લાસરૂમ
- **20,000** કોમ્પ્યુટર લેબ્સ
- **5,000** STEM લેબ્સ

રૂ. 10,000 કરોડનો આ પ્રોજેક્ટ શિક્ષણની ગુણવત્તા સુધારણા માટેનો દેશનો સૌથી વિશાળ પ્રોજેક્ટ છે જેનો લાભ સરકારી શાળાના બધાજ વિદ્યાર્થીઓને મળશે



આજે
માનનીય મુખ્યમંત્રી
**શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ**
અમદાવાદ ખાતે યોજાનારા શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમમાં હાજરી આપશે

## શિક્ષણને સમર્પિત 20 વર્ષ વધાવીએ, શાળા પ્રવેશોત્સવને ઉત્સાહથી ઉજવીએ

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ જિલ્લામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત બાળકોને શાળામાં પ્રવેશ કરાવતા સાંસદ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ અંતર્ગત જિલ્લાના પદાધિકારીઓ, અધિકારીઓ દરેક બાળકનું શાળામાં નામાંકન થાય એ માટે ત્રણ દિવસના કાર્યક્રમમાં વિવિધ શાળાઓમાં ઉપસ્થિત રહીને પ્રતિબદ્ધતા સાથે કામગીરી રહ્યાં છે. ત્યારે સાંસદ જસવંતસિંહ ભાભોર આજે ઝાલોદ, ફતેપુરા અને સંજેલીના ગામોની શાળાઓમાં ઉપસ્થિત રહીને બાળકોને શાળામાં પ્રવેશ કરાવ્યો હતો અને બાળકોને શાળાના પ્રથમ દિવસની શુભેચ્છાઓ આપી હતી.

સાંસદ ભાભોરે આ પ્રસંગે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી વર્ષ-૨૦૦૩થી ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે શાળા પ્રવેશપાત્ર બાળકોનું નામાંકન વધારવા શરૂ થયેલા શાળા પ્રવેશોત્સવની ૧૭ મી શૃંખલા તા. ૨૩ થી ૨૫ જૂન-૨૦૨૨ દરમ્યાન યોજાઇ રહી છે. ત્યારે જિલ્લામાં બાળકોનું ૧૦૦ ટકા નામાંકન થાય એ માટે કટિબદ્ધ હોવાનું તેમણે જણાવ્યું હતું.

તેમણે એમ પણ ઉમેર્યું હતું કે, કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ અંતર્ગત શાળામાં બાળકને ઉત્સાહ અને ઉલ્લાસભર્યા વાતાવરણમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. ત્યારે આ બાળકોનું શિક્ષણ થકી જીવનઘડતર થાય એ પણ એટલું જ જરૂરી છે. તેઓ સારૂ શિક્ષણ મેળવીને આદર્શ નાગરિક બને એ માટેની શુભેચ્છાઓ પણ તેમણે વિદ્યાર્થીઓને આપી હતી અને આ માટે શિક્ષકની મહત્વપૂર્ણ જવાબદારી વિશે તેમણે સમજ આપી હતી.

સાંસદ ભોભોરે ઝાલોદ તાલુકાની કજેલી વર્ગ ગરાડું પ્રાથમિક શાળા, ફતેપુરા તાલુકાના વાંગડ મુખ્ય પ્રાથમિક શાળા, સંજેલી તાલુકાના વાંસિયા મુખ્ય પ્રાથમિક શાળામાં આજ રોજ ઉપસ્થિત રહ્યાં હતા અને બાળકોને પેન, સ્કુલ બેગ વગેરેનું વિતરણ કરીને પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે વિવિધ શાળાઓમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું.

## દાહોદની લઘુમતિ કોમની સગીરાનું દિલ્હીનો યુવક લગ્નના ઈરાદે ભગાડી જતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ શહેરમાંથી એક લઘુમતિ કોમની ૧૭ વર્ષીય સગીરાને એક દિલ્હીના યુવકે પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે. ગત તા.૨૩મી જુનના રોજ દિલ્હી ખાતે રહેતો બલદીપપાલ સરાતુકુમાર શોપ દ્વારા દાહોદ શહેરમાં રહેતી એક લઘુમતિ કોમની ૧૭ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાની માતા દ્વારા દાહોદ માતા દ્વારા દાહોદ બી. ડીવીઝનમાં ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પંચમહાલ જીલ્લામાં ખનિજ ઉદ્યોગ સાથે સંકળાયેલ લોકો પાસેના બાકી લેણા અંગેની રાહત યોજના

ગોધરા,

રાજ્યમાં નાના ખેડૂતો, સામાન્ય નાગરિકો, રાજ્ય સરકારના કામો કરતા ઠેકેદારો અને ખનિજ ઉદ્યોગ સાથે સંકળાયેલ ઉદ્યોગ સાહસિકો વગેરે સામે કાયદા/નિયમોની ઓછી જાણકારી, હિસાબોની ભૂલો અને અન્ય કારણોસર ગૌણ અને મુખ્ય ખનિજોના બિનઅધિકૃત ખનન, વહન અને સંગ્રહના કેસોના ખાણ ખનિજના બાકી લેણાં ઉપસ્થિત થયેલ હોય છે. તેમજ લીઝધારકો સમયસર રોયલ્ટી, ડેડરેન્ટ વગેરે લાગુ પડતાં નાણાં સમયસર ભરપાઈ ન કરેલ હોય તેવા કેસોમાં વ્યાજ પણ લાગુ પડે છે. રાજ્યના ઉદ્યોગ ધંધાઓને કોવીડ-૧૯ ની વિપરીત પરિસ્થિતિમાંથી બહાર નિકળ્યા બાદ પૂરતો વેગ મળે અને અનિવાર્ય સંજોગોને કારણે જે નાગરિકો બાકીલેણાના ભારણમાં આવી ગયા હોય તેવા લોકોને રાહત મળી રહે તેવા શુભાશયથી રાજ્ય સરકાર ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ તા.૦૯/૦૬/૨૨ થી રાહત યોજના મર્યાદિત સમય માટે અમલમા મુકવામાં આવેલ છે. રાહત યોજનાની ઠરાવ ઉદ્યોગ અને ખાણ વિભાગ તથા ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનરની વેબસાઈટ પરથી મેળવી શકાશે. જે લોકોને આ યોજના લાગુ પડતી હોય અને તેનો લાભ લેવા ઈચ્છતા હોય તેવા લોકોએ લેખિત અરજી સાથે ભૂસ્તરશાસ્ત્રીની કચેરી, પંચમહાલ- ગોધરા ખાતે કચેરી સમય દરમિયાન સંપર્ક કરવાનું ભૂસ્તરશાસ્ત્રી ગોધરાએ જણાવેલ છે.

## ભુતવડ પ્રાથમિક શાળા ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશોત્સવ ૨૦૨૨ ભવ્ય રીતે ઉજવાયો


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગુજરાત સરકારના શિક્ષણના મહાકુંભનો અમી ઘૂંટડો એટલે શાળા પ્રવેશોત્સવ પોતાના જીવનમાં શિક્ષણના પગથિયે પહેલી પગલી માંડતા ભૂલકાઓનો આગવો અવસર એટલે પ્રવેશોત્સવ તો આજ શુક્રવારે શાળા ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૨ ગરબાડા તાલુકા વિકાસ અધિકારી એચ.બી.પટેલના અદયક્ષ સ્થાને તથા ગામના સરપંચ ક્સમાબેન અપીભાઈ ડામોરના મુખ્ય મહેમાન પદે આંગણવાડીના બાળકોને પ્રવેશ ત્યારબાદ શાળાના ધોરણ-૧ ના બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો. શાળાની બાળાઓએ સ્વાગત ગીત રજુ કર્યું. જેને ટીડીઓએ રૂપિયા ૫૦૦ આપી તથા સરપંચએ રૂપિયા ૫૦૦આપી બાળકોનું સન્માન કર્યું હતું. પ્રવેશ મેળવનાર ૨૬ બાળકોને શાળા તરફથી સ્લેટ આપવામાં આવી હતી. જ્યારે સરપંચએ કંપાસ બોક્સ દેશી હિસાબ ભેટ આપી હતી. જ્યારે ધોરણ ૩ થી ૫માં પ્રથમ બીજા અને ત્રીજા ક્રમે આવનાર તેજસ્વી તારલાઓનું શાળા તરફથી દફતર ટિફિન બોક્સ પાણીની બોટલ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

# જિલ્લા પંચાયત દાહોદના આરોગ્ય વિભાગમાં લાંચિયા અધિકારીને અધિક જિલ્લા આરોગ્ય અધિકારીનો ચાર્જ સોંપાયો

દાહોદ,

દાહોદ જિલ્લા આરોગ્ય વિભાગ અને જિલ્લા પંચાયત દાહોદની જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના આવ્યા બાદ વહીવટમાં ખૂબ મોટો સુધારો આવ્યો છે. આરોગ્ય વિભાગમાં પણ કોરોનાના કપરા સમયમાં ખૂબ સારી મહેનત આરોગ્ય કર્મચારીઓ, આરોગ્ય વિભાગ અધિકારીઓએ કરી હતી. હાલ જુનાગઢ થી સજામાં મુકાયેલા ડો.રવિ દેધનીયા જેમની સામે જૂનાગઢમાં લાચ અને ભ્રષ્ટાચારના ગંભીર આરોપો અને પોલીસ ફરિયાદ પણ નોંધાયેલ છે. આવા લાંચિયા અધિકારીને દાહોદ જિલ્લામાં આવતા જ કોઈ રાજકીય પ્રેશરથી કે કોઈ અન્ય કારણથી આરોગ્ય વિભાગની કી પોસ્ટ એવી અધિક જિલ્લા આરોગ્ય અધિકારી તરીકેનો ચાર્જ સોંપી દેવાતા સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચી ગયો છે. જૂનાગઢમાં સંખ્યાબંધ ફરિયાદો તેઓની સામે એફઆઈઆર અને પોલીસ કેસ પણ ચાલે છે. આ ભ્રષ્ટાચારી અધિકારીને અચાનક આવી સારી જગ્યાનો ચાર્જ આપતા દાહોદ જિલ્લા આરોગ્ય તંત્રમાં પણ કોઈક મોટી ભ્રષ્ટાચારની બૂમ પડે તેવી સંભાવનાઓ રહેલી છે.

ડો. રવિ દેધનીયા કોરોના જેવા કપરા કાળમાં પણ ભ્રષ્ટાચારી તરીકે ઘણી બધી ફરિયાદો જૂનાગઢમાં નોંધાયેલ છે. જિલ્લા પંચાયતના વડા ડીડીઓ એ તેઓની કુંડળી જોયા વગર ચાર્જ આપ્યો હશે???? અને તેઓની કુંડળી જુનાગઢ થી સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થયો છે. જેવા સામેની એફઆઈઆર અને તેઓ સામેનો તમામ ફરિયાદો સોશિયલ મીડિયાના તમામ ગ્રુપમાં ફરી રહી છે. હો આવા લાંચિયા અધિકારી અને બદલવામાં આવશે? એ પણ એક પ્રશ્ન ઉભો થયો છે. હવાલા અધિકારીને પનિશમેન્ટમાં મૂક્યા હોય તો કોઈ ગામડાંના PHC, CHC તેઓને લોકોની સેવામાં મુકવાની જગ્યા એ વહીવટમાં મુકતા અનેક પ્રશ્નો ઉભા થયા છે. તેઓ સામે કાર્યવાહી થશે કે કેમ અહીં પણ તેઓની ભ્રષ્ટાચારની રાહ જિલ્લા પંચાયત જોઈ રહી છે.

# દાહોદમાં જિલ્લા કક્ષાનો કેશ ક્રેડીટ કેમ્પ યોજાયો : ૧૦૧ સ્વસહાય જુથોને રૂ.૧.૦૧ કરોડની ધિરાણ સહાય


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદની જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલાની ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાનો કેશ ક્રેડીટ કેમ્પ યોજાયો હતો. જેમાં ૧૦૧ સ્વસહાય જુથોને રૂ. ૧.૦૧ કરોડનું ધિરાણ સહાય અપાઇ હતી. ઉપરાંત ભારત સરકારની નેશનલ રૂરલ ઇકોનોમિક ટ્રાન્સફોર્મેશન પ્રોજેક્ટ હેઠળ લીમખેડા તાલુકામા ઉદ્યોગ સાહસિકોને રૂ. ૧ લાખનું કોમ્યુનિટી એન્ટરપ્રાઇઝ ફંડનું પણ ધિરાણ કરાયું છે.

જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલાએ આ પ્રસંગે જણાવ્યું કે, મહિલાઓનું આર્થિક સશક્તિકરણ થાય એ ખૂબ જરૂરી છે. ખાસ કરીને ગ્રામીણ મહિલાઓ આર્થિક રીતે પગભર બને એ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધતા સાથે કામગીરી કરી રહી છે. સ્વસહાય જુથોને ધિરાણ મળવાથી ગ્રામીણ મહિલાઓ સારી એવી આવક મેળવતી થાય છે અને તેમના જીવનધોરણમાં પણ નોંધપાત્ર સુધારો આવે છે. સ્વસહાય જુથોની મહિલાઓ આ ધિરાણનો યોગ્ય ઉપયોગ કરવા પણ તેમણે જણાવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ સરકારની યોજનાઓનો જરૂરિયાતમંદ નાગરિકો અવશ્ય લાભ લેવા જણાવ્યું હતું અને સ્વસહાય જુથોની મહિલાઓને ધિરાણનો યોગ્ય ઉપયોગ કરીને પ્રગતિના નવા શિખર સર કરવાની શુભેચ્છા પણ આપી હતી.

દિનદયાળ અંત્યોદય યોજના રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અન્વયે સ્વસહાય જુથોને કેશ ક્રેડિટ કેમ્પનું આયોજન કરાયું હતું. જિલ્લામાં વર્ષ ૨૦૨૨-૨૩ માં કુલ ૧૦૫૨ અરજીઓ મંજૂર કરાઈ છે. જે પૈકી ૪૧૪ સ્વસહાય જુથોને રૂ. ૪.૧૪ કરોડનું ધિરાણ અત્યાર સુધીમાં કરાયું છે.

કેશ ક્રેડિટ કેમ્પ કાર્યક્રમમાં લીડ બેંક મેનેજર સુરેશ બારીયા, જિલ્લા લાઈવલિહુડ મેનેજર સુકુમાર ભુરીયા, આ યોજના સાથે સંકળાયેલા વિવિધ બેન્કના મેનેજરઓ તેમજ સ્વસહાય જુથની લાભાર્થી મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

## દાહોદની તાલુકા પંચાયત કચેરી સામે પ્રાકૃતિક કૃષિ પેદાશોના સ્ટોલનો પ્રારંભ કરાવતા જિલ્લા વિકાસ અધિકારી



દાહોદ,

આત્મા યોજના દ્વારા આયોજીત દાહોદની તાલુકા પંચાયત કચેરીની સામે જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ પ્રાકૃતિક કૃષિ પેદાશોના સ્ટોલને રીબીન કાપીને ખુલ્લો મુક્યો હતો. ખેડુતોને પ્રોત્સાહન મળે તે હેતુથી પ્રાકૃતિક ખેત પેદાશોની ખરીદી પણ કરી હતી.

પ્રાકૃતિક કૃષિ પેદાશોના આ અમૃત આહાર સ્ટોલમાં દાહોદ જિલ્લાના ખેડુતો દ્વારા રાસાયણીક ખેતી છોડી દેશી ગાય આધારીત પ્રાકૃતિક ખેતી દ્વારા ઉત્પાદીત ધાન્ય પાકો, કઠોળ પાકો તેમજ તેમાંથી બનાવેલા દાળ, શાકભાજી પાકો, મશરૂમ, મધ, દેશી ગાયનુ ઘી વગેરે જેવી ખેત ઉત્પાદીત વસ્તુઓ પ્રદર્શન તેમજ વેચાણ અર્થે મુકવામાં આવી છે. દાહોદનાં નગરજનોએ પણ મોટી સંખ્યામાં પ્રાકૃતિક ખેત પેદાશોની ખરીદી કરી હતી. જેમાં દાહોદના નગરજનો દિવસ દરમ્યાન પ્રાકૃતિક ખેત પેદાશોની ખરીદી કરી ખેડુતોને ઉત્સાહીત કરેલ.

## નવજાત શિશુની આવી કટોકટીભરી સ્થિતિમાંથી બચાવતા દાહોદનાં આરોગ્યકર્મીઓ

દાહોદ,

દાહોદનાં રાબડાલના મોવાલીચા ગામના સગર્ભા મહિલા સુનિતાબેન પરમાર પ્રસૃતી પીડા સાથે અહીંના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે આવ્યા. તેમની પાસે સોનોગ્રાફી વગેરેના રિપોર્ટ પણ નહોતા. માતાની ડિલીવરી કરતી સમયે જાણ થઈ કે બાળકના ગળાના ભાગે નાળના બે આંટા વીટળાયેલા હતા. જે પ્રસૃતિ દરમિયાન બાળક બહાર આવે તેમ તેને ગળાને ભીસી રહ્યાં હતા અને બાળકના જીવન ઉપર મોટું સંકટ ઉભું થયું.

અહીં નર્સ પ્રેકટિશનર મીડવાઇફ તરીકે કામ કરતા આરોગ્યકર્મી પ્રદીપ પંચાલ પાસે મહિલાના કોઇ રિપોર્ટ ન હોવાથી તેમને પણ બાળકની આ સ્થિતિ વિશે જાણ નહોતી. પરંતુ તેમની પાસે અનુભવનું ભાથું પૂરતું હતું. તેમણે અગાઉ ઘણી જોખમી પ્રસૃતિ સફળતાપૂર્વક કરાવી હતી. બાળકના ગળાએ આવી રહેલા દબાણને જોતા મમતા સખી તરીકે માતાની સાથે આવેલા સગા પણ ગભરાઇ ગયા હતા. પરંતુ પ્રદીપ પંચાલે બાળકના ગળાને ફાંસીને જેમ ભીસી રહેલી નાળને બે બાજુ કલેમ્પ લગાવી વચ્ચેથી કાપી દેતા પ્રસૃતિ સરળતાથી થઇ હતી.

નવજાત શિશુ જન્મતાની સાથે જ રડતા હોય છે. તેવી કોઇ પણ પ્રકારની હિલચાલ બાળકે કરી નહી અને ગળા ઉપર આવેલા દબાણને કારણ ચહેરો પણ ભૂરો પડી ગયો. જયારે બાકીનું શરીર ગુલાબી હતું. બાળકને તુરત લાઇફ સેવિગ પ્રોસીજરની જરૂર હોવાનું પ્રદીપભાઇ સમજી ગયા અને તેમણે પોતાના સહકર્મચારી કોમ્યુનિટી હેલ્થ ઓફિસર ખિલન પ્રજાપતિને પણ મદદ માટે બોલાવી લીધા.

બંને આરોગ્યકર્મીએ વારાફરતી બાળકને કૃત્રિમ શ્વાસોશ્વાસ આપ્યા અને બે-ત્રણ મિનિટમાં બાળકના શ્વાસ તેમજ હૃદયના ધબકારા સામાન્ય થઇ ગયા અને બાળકને નવજીવન મળ્યું. બાળકને ત્યાર બાદ વધુ સારવાર માટે ઝાયડસ હોસ્પીટલમાં મોકલવામાં આવ્યા. જયાં પણ માતા બાળકનું સ્વાસ્થ્ય સારૂ હોય, બાળકને ૧૨ કલાક નિરીક્ષણમાં રાખીને રજા આપવામાં આવી.

સુનીતાબેન અને તેમના પતિ જયેશભાઇએ નવજાત શિશુને કટોકટીની ક્ષણોમાં બચાવી નવજીવન બક્ષવા બદલ અહીંના આરોગ્યકર્મીઓનો આભાર માન્યો હતો અને અહીં તમામ સારવાર નિઃશુલ્ક મળતા સરકારનો પણ આભાર માન્યો હતો.

## ગોધરા પ્રાંત અધિકારીના ભલામણ પત્રના આધારે

# માત્ર એક દિવસમાં મામલતદાર ગોધરા સુધારા હુકમ કરી વગદાર કુતબુદ્દીન અજીમુદ્દીન સૈયદને નિયમો નેવે મુકયા તેની તપાસ થશે...?

ગોધરા,

ગોધરા કસ્બાના રે.સ.નં. ૪૨૦-૪૨૭-૪૨૮ બાબતે અરજદાર દ્વારા તલાટી ગોધરા કસ્બા તાત્કાલીક ૧. ગૌરવ પટેલ, ૨. એસ.એસ.સંગાડા, ૩. શહેર મામલતદાર, ૪. નાયબ કલેકટર અને પ્રાંત એન.બી.રાજપૂત દ્વારા ખોટા કુતુબદ્દીન અજીમુદ્દીન સૈયદ, શફીક એસ્ટેટ, રાયખંડ, અમદાવાદ રહેવાસી વિગેરે સામે ગુજરાત રાજ્ય સરકારના લાગતા વળગતા અધિકારીઓ સામે ફરિયાદ કરવા ફોજદારી ધારાની કલમ ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૬૯, ૪૭૦, ૪૭૧, ૧૨૦-બી તથા વિગેરે બાબતે દાદ કાયદા અંગે માંગેલ તેઓ તરફથી આ બાબતે નકલ રવાના બિડાણા સાથે ૧. ભારત દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ૨. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, ૩. મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી, ૪. તકેદારી આયોગ ગુજરાત સરકાર, પંચમહાલ જીલ્લા કલેકટર સુજલ મયાત્રા (આઈ.એ.એસ.) અધિકારી પંચમહાલ તરફ ૬. પ્રાંત નાયબ કલેકટર ગોધરા તરફ પણ આ બાબતની અરજી અરજદાર દ્વારા સાથે તેનું વર્ણન કરેલ બાબતે અરજદારની સોગંદનામા સાથે જણાવેલ કે અને ૧ થી ૬ સામે ફરિયાદ દાખલ કરવા જણાવેલ કે, મોજે ગોધરા કસ્બાના રે.સ.નં. ૪૨૭નું કુલ ક્ષેત્રફળ હે.આરે.૧-૫૧-૭૬ મુળ આકાર રૂા.૬-૦૦ મુળ ખાતા નં.૮૨ વાળી મુહર્મ હાજી ઉમર ઈસા જુજારા વિગેરેની ૧૮/૧૧/૧૯૨૬ના રોજ વેચાણ દસ્તાવેજની નોંધ નં.૧૨૨૧ પડેલી છે. આમ, મોજે ગોધરા કસ્બાની રે.સ.નં.૪૨૭ પૈકી ૨ ૪૨૮ પૈકી સુધારા હુકમ તેમના પરદાદા અબ્બાસમીયા અમીરમીયા કાજીનું નામ સને ૧૯૨૫ના રજી વેચાણ દસ્તાવેજના આધારે દાખલ કરવાનું જણાવેલ છે. જે રજી.દસ્તાવેજ પરંતુ વેચાણ દસ્તાવેજ રેવન્યુ દફતરે નથી. ફકત અમો ફરીયાદીના વડીલોપાર્જીત મોજે ગોધરાના રે.સ.નં. ૪૨૭ પૈકી-૨ સુધારા હુકમ આરોપી ૬ ગોધરા પ્રાંત એન.બી.રાજપૂતે ખોટી રીતે કરેલ છે. સર્વે નં.૪૨૮ પૈકીમાં સુધારા હુકમ કરેલ નથી. જેથી પ્રાંત ગોધરા એન.બી.રાજપૂત દ્વારા કરોડોની લાંચ લઈ રેકર્ડ રૂલ્સ મુજબ વહીવટી પ્રક્રિયા ઓળંગી મોટા પ્રમાણમાં ગેરરીતિઓ આચરેલ છે અને ગોધરાના તકરારી કેસો આર.ટી.એસ. અપીલો ખોટા બોગસ પ્રમાણપત્રો આપી વહીવટી સત્તાનો દુરઉપયોગ કરી મોટા પ્રમાણમાં તેઓ સામે નાની અનામી તથા લાગતા વળગતા સંબંધો સાથે તપાસ થાય તેવી ફરિયાદ કરવા અરજ ગુજારેલ છે.

ફરીયાદીની રજુઆત વેચાણ દસ્તાવેજ ૧૮/૧૧/૧૯૨૬ અને તેના આધારે રેવન્યુ નોંધ નં.૧૨૨૧ થી મંજુર કરેલ છે. આમ, આરોપી ૧ એ મોજે ગોધરાના સ.નં.૪૨૭ પૈકી-૨, ૪૨૮ પૈકીમાં નામ દાખલ કરવા તા.૧૩/૦૯/૨૦૨૧ના રોજ એન.બી.રાજપૂત પ્રાંત ગોધરાને આપેલ છે અને આરોપી ૧ કુતુબદ્દીન અજીમુદ્દીન સૈયદ અમદાવાદના વતની છે અને પ્રાંત એન.બી.રાજપૂત પણ અમદાવાદના વતની હોય તો તા.૨૭/૧૦/૨૦૨૧ના રોજ સુધારો કરવા ભલામણપત્ર પાઠવેલ છે. તે પત્રનો કોઈ ઈનવર્ડ નંબર પાડેલ નથી અને ગોધરા શહેર મામલતદાર તા.૨૭/૧૦/૨૦૨૧ના ભલામણપત્ર બીજા જ દિવસે તા.૨૮/૧૦/૨૦૨૧ મામલતદાર ગોધરા શહેર તરફથી પ્રાંત એન.બી.રાજપૂત ગોધરા સમક્ષ નોંધ નં.૧૨૨૧ની ચકાસણી કર્યા વગર ખૂબ જ મોટી લાંચ લઈ ફકત ને ફકત એક દિવસમાં રીપોર્ટ કરી શહેર મામલતદાર ગોધરા એન.બી.રાજપૂત ગોધરા પ્રાંતને મોકલી આપેલ છે. પરંતુ ગુજરાત રાજ્ય સરકાર તકેદારી આયોગ મહેસુલ તપાસણી મંત્રી પ્રશ્નો વર્ષો સુધી ધુળ ખાય છે અને આ અમદાવાદનો ઈસમ એક જ દિવસમાં સુધારા હુકમ કરેલ બાબતે તથા એન.બી.રાજપૂત પ્રાંત ગોધરા એ પુરવઠા અધિકારી તથા પ્રાંત અધિકારી ગોધરાની અનેક ફાઈલો તપાસ થાય તો સરકારી તથા અમો ફરિયાદીની તમામ ગેરરીતિઓ કરોડોની નામી અનામી મિલ્કતો બહાર આવે તેમ છે. જે પ્રાંત એન.બી.રાજપૂત ગોધરાની ખાતાકીય તપાસ કરી કરાવવામાં આવે તેવી અનેક અરજીઓ ગુજરાત સરકાર, ગાંધીનગર મહેસુલ વિભાગ દ્વારા તપાસ બાબતે જીલ્લા પંચમહાલ કલેકટર સુજલ મયાત્રા(આઈ.એ.એસ.) અધિકારી ગોધરાને સોંપેલ હોય પરંતુ અરજદારો ફરિયાદીઓ દ્વારા ગુજરાત સરકાર મહેસુલ વિભાગ તરફ આ એન.બી.રાજપૂત સામે કોઈ ખાતાકીય પગલા અંગે ગુજરાત રાજ્ય સરકારના વહીવટી અધિકારી સુજલ મયાત્રા તરફથી આજદિન સુધી કોઇ કાર્યવાહી નહીં કરી તકેદારી આયોગના મેન્યુઅલનો ભંગ કરેલ છે. જે આ બાબતે અરજદારો તથા ફરિયાદી દ્વારા રજુઆતો લેવાના બદલે એક કાન થી બીજે કાને કાઢી નાંખે છે અને આ સુધારા હુકમ ભલામણ પત્ર તા.૨૭/૧૦/૨૦૨૧ના અનુમાં એન.બી.રાજપૂત પ્રાંત ગોધરાના પત્ર ઉપર તત્કાલીક વિના વિલંબે ૨૮/૧૦/૨૦૨૧ એટલે કે એક દિવસમાં મંજુર કરેલ છે. પરંતુ ગુજરાત તકેદારી આયોગ તથા મહેસુલ વિભાગના આદેશોનું વર્ષો સુધી પાલન કરી કરાવવામાં આવતું નથી. જેથી ગોધરાની જનતાની માંગ મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી દ્વારા ગાંધીનગર થી સ્પેશ્યલ પ્રાંત ગોધરાના તમામ બોગસ ખેડુત પ્રમાણપત્રો અનેક પ્રકારની અપીલો ખોટા હુકમો ૭૩-એ.એ. ની ફાઈલો તથા લેન્ડ ગ્રેબિંગના ખોટા હુકમોની તપાસ કરવા યોગ્ય ખાતાકીય તપાસ અધિક નિમાય તેવી પંચમહાલ ગોધરા તાલુકો ગોધરાના નાગરિકોની ફરિયાદ છે. આમ, આરોપી ૧ તથા આરોપી ૨ બન્ને અમદાવાદના વતની છે. જેથી તા.૨૭/૧૦/૨૦૨૧નું ભલામણપત્ર નહીં દબાણપત્ર છે. તેવું સાબિત થાય છે. જેથી ૨૭/૧૦/૨૦૨૧ થી એક જ દિવસમાં તા.૨૮/૧૦/૨૦૨૧ના રોજ હુકમ કરેલ છે અને ગુજરાત સરકાર મુખ્યમંત્રી, મહેસુલ મંત્રી તકેદારી સેલના પ્રશ્નો વર્ષોથી ધુળ ખાય છે. તે જીલ્લા કલેકટર પંચમહાલ(આઈ.એ.એસ.) અધિકારી સુજલ મયાત્રા તરફથી એન.બી.રાજપૂત પ્રાંત ગોધરા યોગ્ય અને ખાતાકીય દરખાસ્ત વહેલી તકે મહેસુલ વિભાગ તરફ રજુ કરે તેવી ફરિયાદો કરવામાં આવેલ છે. રીવ્યુ કેસોના કેટલા પેન્ડીંગ છે. બોગસ ખેડુતોની ફાઈલો પેન્ડીંગ છે. બોગસ ખેડુત પ્રમાણપત્રો આપેલા છે. અર્ધપ્રક્રિયાઓ હોવા છતાં કેસો ચલાવેલા છે. ખોટી સીધી લીટીની અપીલ નામંજુર કરેલ છે. લેન્ડ ગ્રેબિંગના ખોટા રીપોર્ટ થયેલા છે અને અસભ્ય વર્તનો અરજદારો સાથે વિડીયો, ઓડિયો પણ ગાંધીનગર તરફ રજુ કરેલા છે. જો ગોધરા પ્રાંત એન.બી.રાજપૂત ગોધરા તથા ફરજ બજાવેલ જીલ્લા કલેકટર પુરવઠા નોડલ અધિકારીના હોદ્દા ઉપર યાને કે બન્ને ફાઈલો જો ઝીણવટ તપાસ કરવામાં આવે અને યોગ્ય સ્પેશ્યલ અધિકારીની ટીમ નિમી યોગ્ય કાયદા તથા મહેસુલ રાહે મહેસુલ મંત્રી ગુજરાત તકેદારી આયોગ મુખ્ય અધિકારી તથા મહેસુલ તપાસણી મુખ્ય અધિકારીઓ તરફ થી તત્કાલીક એન.બી.રાજપૂત પ્રાંત ગોધરાનો રીપોર્ટ દરખાસ્ત જીલ્લા કલેકટર પંચમહાલ સુજલ મયાત્રા મોકલી આપે તેવી તમામ ગોધરાના નાગરિકોની ફરિયાદ છે. જેથી મહેસુલ વિભાગ રાજ્ય સરકાર જીલ્લા કલેકર પંચમહાલ ગોધરા સમક્ષ અર્ધસરકારી પત્ર પાઠવે ક્રમાંક : ચગક/૨૩૨૦૨૨/જનરલ-૧ પ્રાંત તા.૪/૩/૨૦૨૨ બાબતે યોગ્ય મહેસુલી રેકર્ડ તથા સાચા રીપોર્ટ ગાંધીનગર મહેસુલ વિભાગ સચિવાલય ગાંધીનગર મોકલી આપે તેવી રજુઆતો પણ કરવામાં આવેલ છે. પરંતુ એક જ મગની બે ફાળ હોવાના કારણે મોટા પ્રમાણમાં વિલંબ કરેલ છે. અને પ્રાંત એન.બી.રાજપૂત ભલામણ લેટર લખી દબાણ કરી તા.૨૭/૧૦/૨૦૨૧ના પત્રની ૨૮/૧૦/૨૦૨૧ના રોજ હુકમ કરેલ છે. જે લેન્ડ રેવન્યુ રેકર્ડ વિરૂદ્ધ આરોપી કુતુબદ્દીન અજીમુદ્દીન સૈયદ અને પ્રાંત ગોધરા ફરજ બજાવતા હાલના એન.બી.રાજપૂત દ્વારા કરોડોની લાંચ લઈ ગેરરીતિઓ આચરેલ છે. જેથી ફરિયાદી તરફ થી સોગંદનામા સાથે ગુજરાત સરકાર ગાંધીનગર પંચમહાલ જીલ્લા કલેક્ટર ગોધરા અને ભારત સરકારના લોક લાડીલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દિલ્હી તરફ આરોપી દ્વારા રજુઆતો કરવામાં આવેલ છે. જેથી આવા અધિકારીઓથી સરકાર બદનામ થાય છે. તેઓ સામે નામી અનામી મિલ્કતો તથા પ્રાંત ગોધરાના વહીવટી નાટે ચલાવેલ કેસો વિગેરે તથા જીલ્લા કલેકટર પંચમહાલ પુરવઠાની ફાઈલો ગુજરાત રાજ્ય સરકાર તપાસ કરે તો ખુબ જ મોટા પ્રમાણની સરકારી વિગેરે ગેરરીતિઓ કરોડો.... કરોડો..... કરોડો...ની બહાર આવે તેમ છે. જે ખાતાકીય પગલા લેવાય તેવી ગાંધીનગર સુધી રજુઆતો કરેલ છે.

## કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ જુન ૨૦૨૨ અંતર્ગત પરમારના ખાખરીયા પ્રાથમિક શાળામાં કાર્યક્રમ યોજાયો



લીમખેડા,

કન્યા કેળવણી અને શાળા પ્રવેશ મહોત્સવ જુન ૨૦૨૨ અંતર્ગત લીમખેડા તાલુકાની પરમારના ખાખરીયા પ્રાથમિક શાળામાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં જિલ્લા પંચાયત સદસ્ય રમીલાબેન રાવત, મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામ પંચાયત સરપંચ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ શાળામાં પ્રવેશ મેળવનાર ધોરણ-૧ ના ૫૧ બાળકોને બેગ આપી હતી. શાળાના બાળકોને તિથિભોજન આપવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહેમાનો દ્વારા કાર્યક્રમના અંતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું .શાળા પરિવારના તમામ શિક્ષક ભાઈ - બહેનોએ કાર્યક્રમમાં સહભાગી બની કાર્યક્રમને દીપાવ્યો હતો.


દાહોદમાં ભગવાન જગન્નાથજીની રથ યાત્રાના રૂટો નક્કી કરી લેવામાં આવ્યા છે. જેમાં દાહોદના ભગવાન જગન્નાથ જીની રથયાત્રા દાહોદના હનુમાન બજાર મંદિર થી નીકળી અનાજ માર્કેટ ગેટ બહારપુરા થી પડાવ નેતાજી બજાર થઈને દોલતગંજ બજાર, મંડાવ ચોકડી થી થઈને માણેકચોક અને ત્યાંથી હુસેની મસ્જિદથી તળાવ એમજીરોડ નગર પાલિકા થઈને હનુમાન બજારમાં આવેલા ભગવાન જગન્નાથજીના મંદિર ઉપર સમાપન થશે. જેને લઈને પોલીસ દ્વારા સુરક્ષાના બંદોબસ્ત રૂપે દાહોદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા રૂટો ઉપર ફુડ પેટ્રોલિંગ યોજવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં પોલીસનો કાફલો તૈનાત રહ્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.257

પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૫૭ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૫-૦૬-૨૦૨૨ શનિવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### પંચમહાલ જીલ્લાના ઘોઘંબા તાલુકાના સાજોરા ગામે

# ભજીયા ખાધા બાદ એકજ પરિવારના ૧૧ સભ્યો ફૂડ પોઈઝીનિંગની ઝપેટમાં આવ્યા

## ખોરાકી ઝેરની અસર થતા ૧૧ જેટલા દર્દીઓને ગોધરા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા






ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના સાજોરા ગામે ફૂડ પોઈઝનિંગની ઘટના સામે આવી છે. જેમાં એકજ કુટુંબના ૧૧ જેટલા વ્યક્તિઓને ખોરાકી ઝેરની અસર થઈ હતી. ત્યારે ૧૧ જેટલા લોકોને સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેઓની તાત્કાલિક સારવાર હાથ ધરવામાં આવી હતી. જેમાં હાલ તમામ દર્દીઓની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારે એક વૃદ્ધની હાલત વધારે બગડી જતા પરિવારજનો દ્વારા તેઓને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર આજરોજ પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકામાં ફૂડ પોઈઝનિંગની ઘટના સામે આવી છે. જેમાં ઘોઘંબા તાલુકાના સાજોરા ગામે ઘરમાં રાંધેલ ભોજન સાથે ભજીયા ખાધા બાદ એકજ પરિવારના ૧૧ જેટલા વ્યક્તિઓને ખોરાકી ઝેરની અસર થઈ હતી. દર્દીઓના સગાઓ દ્વારા મળતી માહિતી મુજબ ઘરમાં સામાજિક પ્રસંગ હોય અને તેમાં મોટા ભાઈની દીકરી અને જમાઈ મહેમાન બની આવ્યા હતા. જેને લઈને પરિવાર દ્વારા મહેમાનો માટે અને પરિવારના સભ્યો માટે દાળ ભાત સાથે ભજીયા બનાવવામાં આવ્યા હતા. જે ભોજન અને ભજીયા ખાધા બાદ પરિવારના દરેક સભ્યો મહિલા અને પુરુષો સાથે ૧૦ વર્ષીય બાળકીને ખોરાકી ઝેરની અસર થઈ હતી. બપોરના સમયે ઘરના સભ્યોએ અને મેહમાન બની આવેલ દીકરી અને જમાઈએ ભોજન અને ભજીયા ખાધા બાદ પરિવારના સભ્યોને અચાનકથી ઝાડા અને ઊલટી થવા માંડી હતી. જેને લઈને તેમને નજીકમાં આવેલી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. પરંતુ દર્દીઓની સ્થિતિ વધારે પડતી બગડી જતા તમામ દર્દીઓને વધુ સારવાર અર્થે ગોધરા ખાતે આવેલ સિવિલ હોસ્પિટલમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેઓની સારવાર શરૂ કરવામાં આવી હતી. જેમાં ૮૦ વર્ષીય વૃદ્ધાની સ્થિતિ ગંભીર બની જતા તેઓને વધુ સારવાર માટે એસએસજી હોસ્પિટલ વડોદરા ખાતે મોકલી દેવામાં આવ્યું હતું, પરંતુ દર્દીઓના પરિવારજનોએ વૃદ્ધ દર્દીને ખાનગી હોસ્પિટલમા સારવાર અર્થે લઇ જવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ તમામ દર્દીઓની સ્થિતિ સારી હોવાનું જાણવા મળ્યું હતું.

ઘોઘંબા તાલુકાના સાજોરા ગામના એકજ પરિવારના ૧૦ થી ઉપરાંત વ્યક્તિઓને ભજીયા ખાતા ફૂડ પોઈજિનિંગ થયેલ હતું જેમાં આ તમામ દર્દીઓને ઝાડા ઉલટી થઈ જતા તમામ દર્દીઓને સાંજના સમયે ગોધરાની સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ આવામાં આવ્યા છે, જેમાં એક વૃદ્ધ મહિલાની સ્થિતી વધારે બગડી જતા તેઓને વધારે સારવાર અર્થે વડોદરાની એસએસજી હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવ્યા છે ત્યારે બીજા તમામ ની સ્થિતિ સુધારા પર છે.



**ડો.રિદ્ધિ પટેલ**
મેડીકલ ઓફીસર,
જનરલ હોસ્પિટલ, ગોધરા

### દર્દીઓના નામ

- જયદીપ રમણભાઈ રાઠવા(૫૮ વર્ષ)
- લક્ષ્મણભાઈ ભીખાભાઈ રાઠવા(૬૬ વર્ષ)
- દેવાંગભાઈ લક્ષ્મણભાઈ રાઠવા(૧૮ વર્ષ)
- કલ્પનાબેન દેવાંગભાઈ રાઠવા(૨૩ વર્ષ)
- કિર્તનભાઈ લક્ષ્મણભાઈ રાઠવા(૧૮ વર્ષ)
- કપુરીબેન ભીખાભાઈ રાઠવા(૭૫ વર્ષ)
- સવિતાબેન લક્ષ્મણભાઈ રાઠવા(૫૦ વર્ષ)
- દર્શનાબેન લક્ષ્મણભાઈ રાઠવા(૨૩ વર્ષ)
- બારીઆ ભુપેન્દ્રભાઈ મનહરભાઈ(૨૩ વર્ષ)
- ભીખાભાઈ વાલાભાઈ રાઠવા(૭૦ વર્ષ)
- જલ્પાબેન પ્રકાશભાઈ બારીઆ(૧૦ વર્ષ)

# પંચમહાલની સુખી જળાશય યોજનાના નવ કામદારોને ૨૩ વર્ષ બાદ ન્યાય મળતા પરિવારમાં આનંદ ઉલ્લાસ

ગોધરા, પંચમહાલ જિલ્લાના જાંબુઘોડામાં સુખી જળાશય યોજનામાં વર્ષોથી એટલે કે વર્ષ૧૯૯૨ થી રોજમદાર તરીકે ફરજ બજાવતા છત્રસિંહ બારીયા, ગોપાલ બારીયા, હીરાભાઈ બારીયા, કરસનભાઈ બારીયા, નટુ ભાઈ બારીયા, પર્વતભાઈ બારીયા, વેચાતભાઈ બારીયા, સોમાભાઈ બારીયા તથા વિઠ્ઠલભાઈ બારીયા વિગેરેને જે તે અધિકારીઓએ કોઈપણ જાતના વ્યાજબી કારણો સિવાય લાંબા સમયની નોકરી માંથી વર્ષ ૧૯૯૮માં છૂટા કર્યા હતા. કામદારોને કચેરીના અધિકારીઓએ કામ શરૂ થયેલ છે. ફરી બોલાવવામાં આવશે તેમ જણાવી લાંબા સમય સુધી નોકરી ઉપર રાખેલ ન હતા. જેને લઈ ગરીબ અને આદિવાસી કામદારોએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ. ભોઈ નો સંપર્ક કરી વર્ષ ૨૦૦૦ માં નામદાર મજુર અદાલત ગોધરા સમક્ષ પડેલા દિવસોના પગાર સાથે મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કેસ દાખલ કરેલ જે કેશો ચાલીતા અરજદારો તરફે પેનલ એડવોકેટ સંતોષ ભોઈ તથા વૈભવ ભોઈ હાજર રહી દલીલો કરેલ જે ધ્યાને લઈ મજુર અદાલત ગોધરા દ્વારા આ ૯ કામદારોને કામદારોને નોકરી અને પડેલા દિવસ પગાર પેટે રકમ ઉચ્ચક રકમ ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવ્યો જે હુકમથી અરજદારો નારાજ થઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એડવોકેટ દિપક આર. દવે દ્વારા વ્યક્તિગત રીતે એસ.સી.એ દાખલ કરેલ જે ચાલી જતા નામદાર હાઈકોર્ટના ન્યાયમૂર્તિ એ.એસ સુપેયા આ ૯ અરજદારો પૈકી ચાર અરજદારો તેમની નોકરીની મૂળ જગ્યાએ પ્રસ્થાપિત કરી સરકારશ્રીના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્રનો આપવાનો તથા બાકી પાંચ કામદારોને નિવૃત્તિનો સમય ગાળો ગણી નિવૃત્તિને લગતા તમામ લાભ જેવા કે પેન્શન ગ્રેજ્યુટી રજાઓ તથા પાંચ-છઠ્ઠા અને સાતમા પગાર પંચ મુજબ ગણતરી કરી પગાર પગાર તફાવત અને તમામ પ્રકારના લાભો આપવા આદેશ જારી કરેલ પરંતુ સંસ્થા તરફથી તેનો અમલ કરવામાં સરકારી અધિકારીઓ નિષ્ફળ જતા આ કામદારો એ કોર્ટના હુકમના અનાદર બદલ સામાવાળા વિરૂદ્ધ કન્ટેમ્પ્ટ અરજી દાખલ કરેલ ત્યારબાદ ફરીવાર નામદાર અદાલતે આ નવ કામદારોના હુકમનું સત્વરે પાલન કરવા આદેશ કરેલ તે મુજબ ચાર કામદારોને તાત્કાલિક અસરથી તારીખ ૨૧/૬/૨૨ ના રોજથી નોકરી પર હાજર કરવામાં આવેલા છે અને બાકી પાંચ કામદારોને નિવૃત્તિના તમામ લાભો તથા મળવાપાત્ર પગાર પંચના તફાવતની રકમ ચૂકવી આપવા અંગેની સરકારશ્રી તરફથી કાર્યવાહી હાથ ધરવામાં આવેલી છે. જેને લઈ ગરીબ અને આદિવાસી કામદારો અને તેમના પરિવારમાં આનંદ છવાયો છે.



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા તાલુકામાં ગતરાત્રીના સમયે ભારે પવન સાથે મેઘરાજાએ એન્ટ્રી કરતાં ભારે પવનને લઈ ગોયા સુંડલ ગામના તરવારીયા ફળીયાના ત્રણ ઘરોના પતરા ઉડી જતાં સરસામાનને નુકશાન થવા પામ્યું. ઘોઘંબા તાલુકામાં ગત રાત્રીએ ભારે પવન સાથે મઘરાજાએ એન્ટ્રી કરતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. પરંતુ ભારે પવનને લઈ ગોયાસુંડલ ગામના તરવારીયા ફળીયામાં રહેતા અજમલસિંહ ફતેસિંહ ચૌહાણ, ચીમનભાઈ ચૌહાણ, પારસભાઈ ચૌહાણના ઘરના પતરા ઉડી જવા પામ્યા હતા. ઘરના પતરા ઉડી જતાં વરસાદને લઈ ઘરમાં રાખેલ સરસામાન પલળી જતાં નુકશાન થવા પામ્યું હતું અને લોકો મુશ્કેલીમાં મુકાયા હતા.

## ગોધરા તાલુકાના છીપા ગામે સર્વે નં.૧૮૪ માં ગેરકાયદેસર ઘુસી જઈ જમીન માલિક સામે મારમારી કરતાં ફરિયાદ

ગોધરા, ગોધરા તાલુકાના તાજપુર છીપા ગામે સર્વે નં.૧૮૪ વાળી જમીનમાં આરોપીઓ સાફ સફાઈ કરતા હોય તેમને ફરિયાદી એ અમારી જમીનમાં સાફ સફામઈ કરવાની ના પાડતા આ જમીન અમારી છે. અમો ખેડવાની છીએ તેમ કહીને કોદાડી વળે બે મહિલા અને એક વ્યકિતને ઈજાઓ પહોંચાડતા ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના તાજપુર છીપા ગામે રહેતા ગોવિંદભાઈ ગુલાબભાઈ પટેલ પોતાના રેવન્યુ સર્વે નં.૧૮૪ વાળી જમીનમાં આરોપીઓ પૃથ્વીસિંહ રાયસિંગભાઈ પટેલ, ચિતાબેન સાફ સફાઈ કરતા હોય જેથી ગોવિંદભાઈ એ અમારા ખેતરમાં સાફ સફાઈ કેમ કરો છો તેમ કહેતા આ અમારું ખેતર છે. અમે ખેડવાના છીએ તમારો કોઈ હકક નથી. તેમ કહીને પૃથ્વીસિંહ પટેલ એ કોદાળી વડે હાથ અને માથામાં ઈજાઓ પહોંચાડી તેમજ ચિતાબેન એ લાકડી વડે દિનેશભાઈને ઈજાઓ કરી અને અનિતાબેનને બચકું ભરીને ઈજાઓ કરતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# પંચમહાલ જિલ્લામાં મંત્રી નિમિષાબેન સુથારના હસ્તે નાના ભુલકાઓને શાળા પ્રવેશોત્સવ

ગોધરા, સમગ્ર રાજ્યમાં શરૂ થયેલ ૧૭માં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૨નો રાજ્યવ્યાપી શુભારંભ થયો છે. જે અન્વયે પંચમહાલ જિલ્લામાં આજ રોજ રાજ્ય આરોગ્ય મંત્રી નિમિષાબેન સુથારના હસ્તક નાના ભૂલકાઓને શાળામાં પ્રવેશ અને નામાંકન કરાવવામાં આવ્યું હતું. પંચમહાલના ગોધરા તાલુકાની ત્રણ શાળાઓની મુલાકાત લઈને તેમણે બાળકોને આવકાર્યા હતા. તેમણે ગોધરા તાલુકાની ગોલ્લાવ પગાર કેન્દ્ર પ્રાથમિક શાળા, નવલસિંહની મુવાડી પ્રાથમિક શાળા તથા દહિકોટ પ્રાથમિક શાળામાં હાજર રહીને બાળકોને નોટબુક, બેગ તથા ચોકલેટ આપીને સ્વાગત કર્યું હતું.આ સાથે વૃક્ષારોપણ કાર્યક્રમનું પણ આયોજન કરાયું હતું. તેમણે ગ્રામજનો તથા શાળાના એસ.એમ.સી સભ્યો સાથે વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા-વિચારણા કરી હતી. આ સાથે તેમણે બાળકોને તેડીને વ્હાલ કર્યા હતા તથા પોતાના પ્રવચનમાં બાળકોને પ્રેરણાદાયી વાર્તા સંભળાવી અને ગીત ગાઈને પ્રોત્સાહન પૂરૂં પાડ્યું હતું.



આ પ્રસંગે રાજ્ય મંત્રી નિમિષાબેન સુથારે પોતાના પ્રાસંગિક ઉદ્દબોધનમાં જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજનાઓ થકી આજે ગામડાઓનો સર્વાંગી વિકાસ થયો છે. આજે સમગ્ર રાજ્યમાં શિક્ષણ ની ગુણવત્તામાં સુધારો આવ્યો છે. બાળકોની શક્તિને બહાર લાવવા પ્રોત્સાહન અને સ્ટેજની જરૂર છે. બાળકોને પ્રેમ અને હૂંફની જરૂર છે.તેમણે શિક્ષકઓને આહવાન કર્યુ હતું કે બાળકોને ગમ્મત સાથે શિક્ષણ આપવામાં આવે આ સાથે તેમણે કેન્દ્ર અને રાજ્ય સરકાર થકી આજે કન્યાકેળવણી, શાળા પ્રવેશોત્સવ, મિશન ફોર એક્સલેન્સ કાર્યક્રમ, એકલવ્ય અને મોડેલ સ્કૂલ દ્વારા શ્રેષ્ઠ શિક્ષણના સ્ત્રોત ઉભા થયા છે. આજે સરકારના પ્રયાસો થકી શાળામાં ડ્રોપઆઉટનો રેશિયો ઘટયો છે તથા શાળામાં ૧૦૦% નામાંકન શક્ય બન્યું છે. રાષ્ટ્રના ઘડતર માટે આપણે સૌને શિક્ષણરૂપી ફાળો આપવો છે.

તેમણે કોવિડના સમયને યાદ કરતા કહ્યું કે આવી કપરી પરિસ્થીતીઓમાં પણ સરકારે તમામ જરૂરી પગલા ભર્યા છે. દેશમાં નિઃશુલ્ક વેકિસનેશનથી આપણે સૌકોઈ સુરક્ષીત રહ્યા છીએ.કોવિડના સમયમાં પણ સરકારએ ઓનલાઈન શિક્ષણની સાથે શેરી શિક્ષણ માટે પગલા ભર્યા હતા. આ સાથે તેમણે સરકારની ચાલતી વિવિધ યોજનાઓની પાયારૂપી માહિતી આપી હતી.

ગોધરા તાલુકાની ગોલ્લાવ પગાર કેન્દ્ર પ્રાથમિક શાળામાં ૦૮ બાળકો આંગણવાડી તથા ૪૦ બાળકોનું ધોરણ-૧માં નામાંકન, નવલસિંહની મુવાડી પ્રાથમિક શાળામાં શાળામાં ૦૪ બાળકો આંગણવાડી તથા ૧૬ બાળકોનું ધોરણ-૧માં નામાંકન તથા દહિકોટ પ્રાથમિક શાળામાં ૦૬ બાળકો આંગણવાડી તથા ૪૫ બાળકોનું ધોરણ-૧માં નામાંકન કરવામાં આવ્યુ હતું. આજ રોજ ત્રણેય શાળાના કુલ ૧૦૧ બાળકોનું ધોર-૦૧ અને ૧૮ બાળકોને આંગણવાડીમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

આજના આ પ્રસંગે જિલ્લા અને તાલુકાના સદસ્યઓ, વિવિધ અધિકારીઓ/પદાધિકારીઓ અને મહાનુભાવો, બી.આર.સી કોર્ડિનર જિગ્નેશ પટેલ, ગામના સરપંચઓ, શાળાની એસ.એમ.સીના સભ્યઓ, વાલીગણ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



ગોધરા તાલુકાના રાયસીંગપુરા પ્રાથમિક શાળા ખાતે વર્ષ ૨૦૨૨-૨૩ નો ધોરણ-૧માં પ્રવેશપાત્ર બાળકોનો શાળા પ્રવેશોત્સવ એમજ કન્યા કેળવણી મહોત્સવ કાર્યક્રમ પંચમહાલ જિલ્લા પંચાયતના સામાજિક ન્યાય સમિતિના ચેરમેન મણીબેન કે. રાઠોડના વરદ હસ્તે બાળકોને કુમકુમ તિલક અને અક્ષત વડે વધાવીને કરવામાં આવ્યો.



રતનપુર(કાં) પ્રાથમિક શાળા, તા.ગોધરા, જી.પંચમહાલ ખાતે યોજાયેલ પ્રવેશોત્સવ અને કન્યા કેળવી મહોત્સવ ૨૪મી જૂન ૨૦૨૨ અને તેજસ્વી તારલાંનો ઈનામોત્સવ કાર્યક્રમ યોજાયો.



ગોધરા તાલુકાના ગોઠડા (ટીંબા રોડ) પ્રાથમિક શાળામાં ધો.૧માં પ્રવેશ મેળવનાર બાળકોને શાળામાં પ્રવેશ આપવા પ્રવેશોત્સવનો કાર્યક્રમ ઉજવાયો હતો.



કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ જૂન-૨૦૨૨ યોજાયો. જેમાં ઘોઘંબા તાલુકાની ચંદ્રનગર પ્રાથમિક શાળા, મોલ પ્રાથમિક શાળા અને વાવ-ઝાબ પ્રાથમિક શાળામાં આંગણવાડીના બાળકો અને ધોરણ-૧ માં પ્રવેશ મેળવનાર બાળકોને ધારાસભ્ય જયદ્રથસિંહ પરમારના હસ્તે કુમકુમ તિલક કરીને આશીર્વાદ વચન સાથે પ્રવેશ આપવામાં આવ્યો.

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
મન્સુરી મુસ્તુફાભાઈ સુલેમાન
તરફથી અભીનંદન....
મુ. ગોલ્લાવ,
તા. ગોધરા,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
પટેલ વિનોદભાઈ ગણપતભાઈ
તરફથી અભીનંદન....
મુ. દહીકોટ,
તા. ગોધરા,
જી. પંચમહાલ